सत्यमेव जयते

| | |
|---|---|
| દદાખલ તારીખ | 07/11/2022 |
| રજી. તારીખ | 07/11/2022 |
| ફેસલ તારીખ | 31/03/2023 |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |

# દેત્રોજના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ મું દેત્રોજ

**ક્રિમીનલ કેસ નંબર : ૪૦૮ /૨૦૨૨.**

આંક :

ફરિયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી : વિષ્ણુભા કેશરીસિંહ ઝાલા

રહે. કોઈન્તીયા, તા.દેત્રોજ,જી.અમદાવાદ

**ગુનો : ભારતીય દંડ સંહિતાની કલમ : ૨૭૯, ૩૦૪અ, ૩૩૭, ૩૩૮, એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ**

---

**શ્રી સરકાર તરફે : વિ.એ.પી.પી.શ્રી. આઈ.એ.સૈયદ**

**આરોપી તરફે : વિ.વ.શ્રી. એસ.જે.ઝાલા**

---

## -:: ચુકાદો ::-

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાનું મો.સા. નંબર GJ-38-A-4037 નું પુર ઝડપે ગફલત ભરી રીતે ચલાવી ફરીયાદીના પિતાના મો.સા. નંબર GJ-38-A-8665 ની સાથે ભટકાડી પોતાને તથા તેની પાછળ બેઠેલ સાહેદને માથામાં તથા શરીરે ઈજાઓ પહોચાડી તેમજ ફરીયાદીના પિતાને જમણા પગના થાપાના ભાગે ફેક્ચર કરી તેમજ શરીરે ગંભીર ઈજાઓ કરી સારવાર દરમ્યાન મોત નિપજાવી ગુનો કરેલ સદર ગુનાની ફરીયાદ આ કામના ફરીયાદીએ આપતા ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯, ૩૦૪ અ, ૩૩૭, ૩૩૮ એમ.વી.એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ છે. આ કામે આ કામના ફરીયાદીએ ઉપરોક્ત ગુનાની ફરીયાદ આપતા આ કામના તપાસ અધિકારીએ ગુનાની તપાસ કરી પુરતો પુરાવો જણાઈ આવતા આ કામના આરોપી વિરૂધ્ધ ઉપરોક્ત ગુનાઓ સબબ ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરતા જે ઉપરોક્ત નંબરથી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**( ૨ )** આ કામ ના આરોપીને આરોપીન સમન્સ ઇશ્યુ કરવામાં આવતા આરોપી હજર થતા આરોપીને પોલીસ પેપર્સની નકલો સી.આર.પી.સી. ની કલમ ૨૦૭ હેઠળ વિનામુલ્યે આપીને આરોપી વિરૂધ્ધનું તહોમત આરોપીને વાંચી, સંભળાવી, સમજાવી આરોપીની આંક- ૫ થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ આક્ષેપિત ગુનો કર્યા હોવાનો ઈન્કાર કરતા હોઇ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે મુલતવી રાખવામાં આવેલું.

**( ૩ )** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઉપર અધાર રાખેલ છે.

## મૌખિક પુરાવા

| ક્રમ નં | આંક | સાક્ષીની વિગત | સાહેદનું નામ |
|---|---|---|---|
| ૦૧ | ૦૯ | ફરીયાદી | મનિષકુમાર કુવરજી ઠાકોરની સોગંદ પરની જુબાની |

| | | | |
|---|---|---|---|
| ૦૨ | ૧૧ | સાહેદ | સાહિલકુમાર કુવરજી ઠાકોરની સોગંદ પરની જુબાની |
| ૦૩ | ૧૨ | સાહેદ | રંજનબેન કુવરજી ઠાકોરની સોગંદ પરની જુબાની |
| ૦૪ | ૧૩ | સાહેદ | અમીતજી ગંભીરજી ઠાકોરની સોગંદપરની જુબાની |

## દસ્તાવેજી પુરાવા

| ક્રમ નં. | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| ૦૧ | ૧૨ | ફરીયાદ |
| ૦૨ | ૧૪ | પી.એમ.રીપોર્ટ |
| ૦૩ | ૧૫–૧૬ | મેડીકોલીગલ સર્ટીફીકેટો |
| ૦૪ | ૧૭–૧૮ | પંચનામાઓ |
| ૦૫ | ૧૯ | પુરાવા બંધની પુરશીસ |

(૪) ફરીયાદ પક્ષે ઉપરોક્ત પુરાવો રજુ થયા બાદ આંક–૧૯ થી ક્લોઝિંગ પુરશીસ આપી આ કામે પુરાવો રજુ કરવા નહી માંગતા હોવાનું જાહેર કરેલ છે ત્યારબાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ : ૩૧૩ મુજબની જોગવાઈઓ અન્વયે આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવા પુરતો પુરાવો જણાઈ આવેલ નહિ હોય આરોપીઓના વિશેષ નીવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષે વિ.વ.શ્રી.ની દલીલો સાંભળી તથા રેકર્ડ ઉપરના પુરાવા ઘ્યાને લીધાં.

(૫) આ કામના મારા ન્યાયીક નીરાકરણ માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

## ::– મુદ્દાઓ –::

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાનું મો.સા. નંબર GJ–38–A–4037 નું પુર ઝડપે ગફલત ભરી રીતે ચલાવી ફરીયાદીના પિતાના મો.સા. નંબર GJ–38–A–8665 ની સાથે ભટકાડી પોતાને તથા તેની પાછળ બેહેલ સાહેદને માથામાં તથા શરીરે ઈજાઓ

પહોચાડી તેમજ ફરીયાદીના પિતાને જમણા પગના થાપાના ભાગે ફેક્ચર કરી તેમજ શરીરે ગંભીર ઈજાઓ કરી સારવાર દરમ્યાન મોત નિપજાવી ગુનો કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯, ૩૦૪ અ, ૩૩૭, ૩૩૮ એમ.વી.એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

**( ૬ )** ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો હવે પછથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

## ::– નિર્ણયો –::

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## :: કારણો ::

**મુદા નં.–૧ :–**

**ફરિયાદીનો પુરાવો : –**

**( ૭ )** ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપીઓ ઉપર ખસતો નથી, ફરિયાદ પક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપીઓ પરનુ તહોમત નિ:શંકપણે વાજબી શંકાથી પર પુરવાર કરવાનુ રહે છે.ફરીયાદપક્ષનો પુરાવો આધારભૂત, માનવા લાયક તથા વીશ્વસનીય હોવો જોઈએ તેમજ કોઈ તબકકે તે પડકારી ન શકાય તેવો હોવો જોઈએ, જે કારણે તમામ

શંકાથી પર આરોપીઓની સામે ગુન્હો પુરવાર થાય.

હવે આ કામે પુરાવાના કાયદાના ઉપરોકત માપદંડ સાથે આ કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરિયાદ પક્ષ તર્ફે પોતાના કેસના સમર્થનમાં આંક: ૦૯ થી ફરિયાદી મનીષકુમાર કુંવરજી ઠાકોર નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં બનાવ આશરે બે વર્ષ અગાઉ રામપુરા જવાના રોડ ઉપર દિવાળીબા ફાર્મની પાસે થયેલ. બનાવ સમયે તેઓ ઘરે હતા તે વખતે તે–મના ભાઈનો ફોન આવેલ કે પપ્પાનો દિવાળીબા ફાર્મની સામે અકસ્માત થયેલ છે જેથી તુ આવી જા. જેથી તેઓ તથા તેમના કુટુંબી ભાઈ મહેશજી ત્યાં ગયેલા અને જોયેલ કે તેઓના પીતાજી રોડ ઉપર લોહીલુહાણ હાલતમાં પડેલ હતા અને ત્યા રોડ ઉપર બે મોટર સાઈકલ પડેલ હતા. ત્યારબાદ તેઓના બાપા મનુજી તથા તેઓ તેમના પીતાજીને લઈને ભાગ્યોદય હોસ્પીટલમા લઈ ગયેલ. અને ત્યારબાદ વધુ સારવાર માટે ચાંદખેડા ખાતે આવેલ સત્યમેવ હોસ્પીટલમાં લઈ ગયેલ. ત્યારબાદ તેઓએ આરોપી વિરુદ્ધ બનાવ અંગે ફરિયાદ આપેલી. આજરોજ તેઓને ફરિયાદની ઝેરોક્ષ બતાવવામાં આવે છે જે જોઈને હું કહે છે કે તેમા તેઓની સહી છે જે આંક–૧૦ થી રજુ છે.(ફરિયાદને આંકે પાડવા સામે આરોપી તરફે વાંધો નથી). ફરિયાદ આપ્યા બાદ હોસ્પીટલમા તેઓના પીતાજીનુ મરણ થયેલ. આરોપીને તેઓ ઓળ–ખી શકે નહી.

સદર ફરિયાદી ફરિયાદ હકીકતે પુરાવો રજૂ કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવા માંગણી કરવામાં આવતા, ફરીયાદીને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવતા વિ. એ પી પી શ્રી દ્વારા આ કામના ફરીયાદીની વિગતવારની ઉલટ–તપાસ કરવા છતાં ફરિયાદપક્ષની ફરિયાદ હકીકતને અનુરૂપ પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી.

જયારે બચાવક્ષે સદર સાહેદની ઉલટ–તપાસ કરતા એ હકીકતોનો સ્વીકાર કરે છે કે બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા તેમજ બનાવ તેઓએ નજરે જોયેલો નહી તેમજ કોની

બેદરકારીના કારણે બનાવ બનેલો તે તેઓ કહી શકે નહી તેમજ તેઓ આરોપીને ઓળખી શકે નહી.

આમ આ કામના ફરીયાદીની સમગ્ર જુબાની જોવામાં આવે તો આ કામના ફરીયાદીએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં કયાંય જણાવેલ નથી કે આ કામના આરોપી એ જ ફરીયાદીના પિતાજી જોડે અકસ્માત કરેલ હોય તેમજ અકસ્માતથી ઈજાઓ કરેલ હોય આમ આ કામના ફરીયાદી ખુદ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન નહિ કરતા હોવાનુ જણાય છે. આમ, આ કામના ફરીયાદીની જુબાનીને આધારે આ કામના આરોપીને આક્ષેપીત ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

(૮) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક– ૧૧ થી સાહેદ સાહીલકુમાર કુંવરજી ઠાકોરનાઓને સોગંદ ઉપર તપાસેલ છે જેઓ તેઓની જુબાનીમાં જણાવે છે કે બનાવ આશરે બે વર્ષ અગાઉ રામપુરા જવાના રોડ ઉપર દિવાળીબા ફાર્મની પાસે થયેલ. બનાવની જાણ થતા તેઓએ તેમના ભાઈને ફોન કરેલ કે પપ્પાનો દિવાળીબા ફાર્મની સામે અકસ્માત થયેલ છે જેથી તુ આવી જા. જેથી મનિષ તથા તેઓના કુટુંબી ભાઈ મહેશજી ત્યાં આવેલા અને જોયેલ કે તેઓના પીતાજી રોડ ઉપર લોહીલુહાણ હાલતમાં પડેલ હતા અને ત્યા રોડ ઉપર બે મોટર સાઈકલ પડેલ હતા. ત્યારબાદ તેઓના બાપા મનુજી તથા તેઓ તેઓના પીતાજીને લઈને ભાગ્યોદય હોસ્પીટલમા લઈ ગયેલ. અને ત્યારબાદ વધુ સારવાર માટે ચાંદખેડા ખાતે આવેલ સત્યમેવ હોસ્પીટલમાં લઈ ગયેલ. તે બાબતે તેઓના ભાઈ મનિષકુમારે આરોપી વિરુદ્ધ બનાવ અંગે ફરિયાદ આપેલી. બનાવ બાબતે પોલીસે તેઓની પુછપરછ કરેલી કે નહી તે મને ખબર નથી.

સદર સાહેદ ફરિયાદ હકીકતે પુરાવો રજૂ કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવા માંગણી કરવામાં આવતા, સાહેદને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવતા વિ. એ પી પી શ્રી દ્રારા આ કામના સાહેદ ની વિગતવારની ઉલટ–તપાસ કરવા છતાં ફરિયાદપક્ષની ફરિયાદ હકીકતને અનુરૂપ પુરાવો રેકર્ડ પર લાવી

શકેલ નથી.

જયારે બચાવક્ષે સદર સાહેદની ઉલટ–તપાસ કરતા એ હકીકતોનો સ્વીકાર કરે છે કે બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા તેમજ બનાવ તેઓએ નજરે જોયેલો નહી તેમજ કોની બેદરકારીના કારણે બનાવ બનેલો તે તેઓ કહી શકે નહી તેમજ તેઓ આરોપીને ઓળખી શકે નહી.

આમ આ કામના સાહેદ ની સમગ્ર જુબાની જોવામાં આવે તો આ કામના સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં કયાંય જણાવેલ નથી કે આ કામના આરોપી એ જ ફરીયાદીના પિતાજી જોડે અકસ્માત કરેલ હોય તેમજ અકસ્માતથી ઈજાઓ કરેલ હોય આમ આ કામના સાહેદ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન નહિ કરતા હોવાનુ જણાય છે. આમ, આ કામના સાહેદ ની જુબાનીને આધારે આ કામના આરોપીને આક્ષેપીત ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

(૯) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક– ૧૨ થી સાહેદ રંજનબેન કુંવરજી ઠાકોરનાઓને સોગંદ ઉપર તપાસેલ છે જેઓ તેઓની જુબાનીમાં જણાવે છે કે બનાવ આશરે બે વર્ષ અગાઉ રામપુરા જવાના રોડ ઉપર દિવાળીબા ફાર્મની પાસે થયેલ. બનાવ સમયે તેઓ ઘરે હતા. બનાવ સમયે તેઓના પતી કુંવરજી મોટરસાઈકલ લઈને ડીઝલ લેવા રામપુરા જવા નીકળેલ. તે વખતે તેઓના દિકરા મહેશજીના મોબાઈલ ઉપર સાહીલનો ફોન આવેલ કે પપ્પાનું રામપુરા રોડ ઉપર અકસ્માત થયેલ છે જેથી તેઓનો દિકરો મનીષ અને અન્ય માણસો અકસ્માત વાળી જગ્યાએ ગયેલ પછી વાતોવાતથી જાણવા મળેલ કે તેઓના પતીને સારવાર માટે ભાગ્યોદય હોસ્પીટલ લઈ ગયેલ અને ત્યારબાદ સત્યમેવ હોસ્પીટલ લઈ ગયેલ ત્યારબાદ તેઓના પતીનુ સારવાર દરમ્યાન મરણ થયેલ તે સિવાય અન્ય કોઈ હકીકતની તેઓને ખબર નથી. ત્યારબાદ વાતોવાતથી જાણવા મળેલ કે તેઓના પતીના મોટરસાઈકલ સાથે અકસ્માત કરનાર કોઈન્તીયા ગામનો એક ઠાકોરનો છોકરો તેમજ એક દરબારનો છોકરો હતો.બનાવ બાબતે પોલીસે તેઓનું નિવેદન લીધેલ કે નહી તે મને ખબર નથી.

સદર સાહેદ ફરિયાદ હકીકતે પુરાવો રજૂ કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવા માંગણી કરવામાં આવતા, સદર સાહેદને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવતા વિ. એ પી પી શ્રી દ્રારા આ કામના સાહેદ ની વિગતવારની ઉલટ–તપાસ કરવા છતાં ફરિયાદપક્ષની ફરિયાદ હકીકતને અનુરૂપ પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી.

જયારે બચાવક્ષે સદર સાહેદની ઉલટ–તપાસ કરતા એ હકીકતોનો સ્વીકાર કરે છે કે બનાવ સમયે તેઓ તેમના ધરે હતા તેમજ બનાવ તેઓએ નજરે જોયેલો નહી અને વાતો વાતથી જાણેલો તેમજ કોની બેદરકારીના કારણે આ બનાવ બનેલો તે તેઓ કહી શકે નહી તેમજ તેઓ આરોપીને ઓળખી શકે નહી.

આમ આ કામના સાહેદ ની સમગ્ર જુબાની જોવામાં આવે તો આ કામના સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં કયાંય જણાવેલ નથી કે આ કામના આરોપી એ જ ફરીયાદીના પિતાજી જોડે અકસ્માત કરેલ હોય તેમજ અકસ્માતથી ઈજાઓ કરેલ હોય આમ આ કામના સાહેદ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન નહિ કરતા હોવાનુ જણાય છે. આમ, આ કામના સાહેદ ની જુબાનીને આધારે આ કામના આરોપીને આક્ષેપીત ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક– ૧૩ થી સાહેદ અમીતજી ગંભીરજી ઠાકોરનાઓને સોગંદ ઉપર તપાસેલ છે જેઓ તેઓની જુબાનીમાં જણાવે છે કે બનાવ ક્યારે બન્યો કઈ જગ્યાએ અને ક્યા સમયે બન્યો તેની તેઓને ખબર નથી. બનાવ વીશે તેઓ કંઈ જાણતા નથી પોલીસે તેઓનું નિવેદન લીધેલ નથી. તેઓ આરોપીને ઓળખી શકે નહી.

સદર સાહેદ ફરિયાદ હકીકતે પુરાવો રજૂ કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવા માંગણી કરવામાં આવતા, સદર સાહેદને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવતા વિ. એ પી પી શ્રી દ્રારા આ કામના સાહેદ ની વિગતવારની ઉલટ–તપાસ કરવા છતાં ફરિયાદપક્ષની ફરિયાદ હકીકતને અનુરૂપ પુરાવો રેકર્ડ

પર લાવી શકેલ નથી.

જ્યારે બચાવક્ષે સદર સાહેદની ઉલટ–તપાસ કરતા એ હકીકતોનો સ્વીકાર કરે છે કે બનાવ તેઓએ નજરે જોયેલો નહી તેમજ કોની બેદરકારીના કારણે આ બનાવ બનેલો તે તેઓ કહી શકે નહી તેમજ તેઓ આરોપીને ઓળખી શકે નહી.

આમ આ કામના સાહેદ ની સમગ્ર જુબાની જોવામાં આવે તો આ કામના સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં કયાંય જણાવેલ નથી કે આ કામના આરોપી એ જ ફરીયાદીના પિતાજી જોડે અકસ્માત કરેલ હોય તેમજ અકસ્માતથી ઈજાઓ કરેલ હોય આમ આ કામના સાહેદ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન નહિ કરતા હોવાનુ જણાય છે. આમ, આ કામના સાહેદ ની જુબાનીને આધારે આ કામના આરોપીને આક્ષેપીત ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

(૧૧) આ કામે આંક–૧૪ થી પી.એમ.રીપોર્ટ તથા આંક–૧૫ તથા આંક–૧૬ થી મેડીકોલીગલ સર્ટીફીકેટો તથા આંક–૧૭ અને આંક–૧૮ થી પંચનામાઓ બચાવપક્ષે વાંધો નહી હોય રજુ થયેલ છે જો બચાવપક્ષે વાંધો નહી હોઈ રજુ થયેલ છે જે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા જોવામાં આવે તો પી.એમ.રીપોર્ટ તથા ઇન્કવેસ્ટ પંચનામા મુજબ ફરીયાદીના પિતાને હેડ ઇંજરી તથા ચેસ્ટ ઇંજરી થયેલ હોવાનું તેમજ ફરીયાદીના પિતા મરણ ગયેલ હોવાનું જણાઈ આવે છે તેમજ મેડીકોલીગલ સર્ટીફીકેટો મુજબ આ કામના આરોપી તેમજ સાહેદને ઈજાઓ થયેલ હોવાનું જણાઈ આવે છે તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામુ વંચાણે લેવામાં આવે તો બનાવવાળી જગ્યાની સ્થળસ્થિતિ સ્પષ્ટ થતી હોવાનું જણાઈ આવે છે પરંતુ આ કામે આંક: ૦૯ થી ફરિયાદી મનીષકુમાર કુંવરજી ઠાકોર તથા આંક– ૧૧ થી સાહેદ સાહીલકુમાર કુંવરજી ઠાકોર તથા આંક–૧૨ થી સાહેદ રંજનબેન કુંવરજી ઠાકોર તેમજ આંક–૧૩ થી સાહેદ અમીતજી ગંભીરજી ઠાકોરનાઓની જુબાની જોવામાં આવે તો તેઓએ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન નહી કરેલ હોવાનું જણાય છે. ફરીયાદીએ તથા સાહેદોએ ક્યાંય એવી હકીકત જણાવેલ

નથી કે આ કામના આરોપીએ જ મોટર સાઇકલ ગફલત ભરી રીતે હંકારી ને ફરીયાદીના પિતાના મોટરસાઇકલ જોડે અકસ્માત કરેલ હોય તેમજ ઈજાઓ કરેલ હોય. આમ આ કામે ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ ઉપરોક્ત તમામ પુરાવો જોવામાં આવે તો બનાવમાં ફરીયાદીના પિતાનું મરણ થયેલ હોવાની હકીકત જણાઈ આવે છે પરંતુ  આ કામે ફરીયાદ પક્ષે રજુ ઉપરોક્ત તમામ પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપીએ જ ફરીયાદીના પિતા જોડે અકસ્માત કરેલ હોય અને ફરીયાદીના પિતાને ઈજાઓ થયેલ હોય અને તેઓનું મરણ થયેલ હોય તેવી હકીકત માનવાને કોઈ કારણ જણાઈ આવતુ નથી.  આ કામે ફરીયાદ પક્ષે પડેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષ આ કામના આરોપી વિરૂધ્ધ આક્ષેપિત તહોમત નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોવાનું જણાઈ આવે છે. નામ. સુપ્રીમ કોર્ટે ૨૦૦૪ – જી.એલ.એચ.એલ.ઈ. – સુપ્રિમ કોર્ટ –૭૩૦૨ દસારી શીવા પ્રસાદ રેડ્ડી વિરૂધ્ધ પબ્લીક પ્રોસીકયુટરના ચુકાદામા નિર્ણિત કરેલ છે કે, શંકા ગમે તેવી મજબુત હોય તો પણ તેના ઉપરથી સજા થઈ શકે નહી અને may be true  must be true વચ્ચેનો તફાવત છે.આમ આ કામે ફરીયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને આધારે આ કામના આરોપીઓ વિરુધ્ધનુ તહોમત ફરીયાદપક્ષ નીશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોવાનુ જણાઈ આવતુ હોય તેથી મુદ્દા નંબર : ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદા નંબર ૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**૧.** આ કામના આરોપી વિષ્ણુભા કેશરીસિંહ ઝાલા, રહે.કોઈન્તીયા, તા.દેત્રોજ, જી.અમદાવાદ નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯,૩૦૪ અ, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એક્ટ કલમ ૧૭૭,૧૮૪ ના ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭–એ અન્વયે આરોપીએ રુ.૫૦૦૦/–

(અંકે રુપીયા પાંચ હજાર ) પુરાના જામીન તથા તેટલીજ રકમનાં જાતમુચરકા આપવા.

હુકમ આજ રોજ તારીખ : ૩૧ મી માહે માર્ચ સને ૨૦૨ ૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : દેત્રોજ (એ.આર.બોરીચા)

તારીખ : ૩૧.૦૩.૨૦૨૩ જયુડી. મેજી. ફસ્ટ કલાસ, દેત્રોજ,

(કોડ નંબર : જીજે૦૦૯૭૮)